જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૮/૦૨/૨૦૨૬ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૨૯૬/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૪ કેસ કરી, ૫૨ વ્યક્તિઓને ઝડપી, ૩૫૯ લીટર દેશી દારૂ, ૫૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૮૩૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૬૭ બિયર ટીન, ૦૩ કાર અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૧૧ કેસ કરી, ૩૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૮,૭૫૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૨૯૭/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૫૯ વ્યક્તિઓની તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૨૯૮/૨૦૨૬**

વસ્ત્રાપુરઃ મયુરીકાબહેન કલ્પેશભાઈ ભાવસાર (ઉ.વ.૪૮)(રહે, તિર્થધામ એપાર્ટમેન્ટ, સુરેલ એપાર્ટન્ટની બાજુમાં, સત્યાગ્રહ છાવણી રોડ, બોડકદેવ) એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૬/૦૨/૨૦૨૬ સાંજના ૭/૦૦ થી તા.૨૭/૦૨/૨૦૨૬ કલાક ૩/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન જજીસ બંગલા રોડ, પ્રેમચંદનગરની બાજુમાં, અક્ષરધામ કોમ્પલેક્ષ દુકાન નંબર યુ.એલ.૧૯ "ડ્રીમ ટચ બ્યુટી કેર" નામની દુકાનનુ શટર ઉંચુ કરી, અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી, કાઉન્ટરના ડ્રોઅરમાંથી રોકડ રૂપિયા ૫૩,૦૦૦/– ચોરી કરી લઈ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.ડી.પુરોહીત ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૨૯૯/૨૦૨૬**

સોલા હાઈકોર્ટઃ સરોજબહેન અનિલભાઇ પટેલ (ઉ.વ.૫૪)(રહે.પ્રાર્થના પર્લ, વંદેમાતરમ ગોતા) એ અગમ્ય કારણસર તા.૨૫/૦૨/૨૦૨૬ બપોરના ૩/૧૫ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ફ્લેટના "એફ" બ્લોકના ધાબા ઉપર પોતાની જાતે સળગી ગયા હતા. સારવાર અર્થે તેમને અસારવા સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૬/૦૨/૨૦૨૬ સાંજના ૬/૦૦ વાગે તેમનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી બી.પી.ડીંડોર ચલાવે છે.

રીવરફ્રન્ટ વેસ્ટઃ રામકુષ્ણા લક્ષ્મણ મુંગાપાટી (ઉ.વ.૫૦)(રહે. ધુળાભાઇની ચાલી, વિક્રમમીલની બાજુમાં, બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૨૭/૦૨/૨૦૨૬ સવારના ૧૦/૩૦ વાગ્યા પહેલા રીવરફ્રન્ટ પશ્ચિમ તરફના ભાગે સીડી નંબર–૪૮ પાસે રિવરફ્રન્ટ વોક–વે નજીક નદીના પાણીમાં ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી રિંકલબેન મોહનભાઇ ચલાવે છે.

ચાંદખેડાઃ ચાંદખેડા જનતાનગર પાછળ પ્રગતિ વિદ્યાલયની બાજુમાં ભગવતી સોસાયટી ખાતે રહેતા રમેશભાઈ મહાવર નાઓની ૧૪ વર્ષની પુત્રીએ અગમ્ય કારણસર તા.૨૬/૦૨/૨૦૨૬ રાતના ૧૦/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી બી.એસ.પરમાર ચલાવે છે.

વાડજઃ (૧) હિતેશભાઈ કાનજીદાસ પટેલ (ઉ.વ.૬૦)(રહે.રત્નજ્યોત વિભાગ–૧, નિર્ણયનગર) એ અગમ્ય કારણસર તા.૨૭/૦૨/૨૦૨૬ કલાક ૩/૩૦ વાગ્યા પહેલા રહેણાંક મકાનના પાર્કિંગમાં એ.સી.ના આઉટડોરના સ્ટેન્ડ સાથે વાયર અને કપડું બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી યુવરાજસિંહ ખુમાનસિંહ ચલાવે છે.

વાડજઃ (૨) બહાદુર સ/ઓ લક્ષ્મણભાઈ બામણીયા (ઉ.વ.૨૨)(રહે. ભરવાડ વાસ, ગોપાલચોક, નવા વાડજ) એ અગમ્ય કારણસર તા.૨૭/૦૨/૨૦૨૬ સવારના ૯/૩૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પોતાની જાતે પોતાના હાથના કાંડા પાસે ધારદાર વસ્તુથી કાપો મારી તેમજ પંખા સાથે રૂમાલ બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી દિપક બાબુભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી